બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
Shades
SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઈ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો : 9824059872



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ મહા સુદ ત્રીજ, બુધવાર ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૭૫

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


## સોનાએ રૂ. ૫૧૦૦ના ઉછાળા સાથે દોઢ લાખની સપાટી વટાવી

**નવી દિલ્હી.** ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં મજબૂત માંગને પગલે મંગળવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવમાં રૂ. 5,100નો ઉછાળો આવ્યો હતો અને તે રૂ. 1.5 લાખ પ્રતિ 10 ગ્રામના મહત્વના આંકને વટાવી ગયું હતું. 99.9 ટકા શુદ્ધતા ધરાવતી આ કિંમતી ધાતુ (સોનું), જે અગાઉ રૂ. 1,48,100 પ્રતિ 10 ગ્રામ પર બંધ થઈ હતી, તે વધીને રૂ. 1,53,200 પ્રતિ 10 ગ્રામ (તમામ ટેક્સ સહિત) પર પહોંચી ગઈ હતી. સ્થાનિક બુલિયન માર્કેટમાં ચાંદીના ભાવમાં પણ તેજી જોવા મળી હતી અને તેણે નવો રેકોર્ડ સ્થાપિત કર્યો હતો. ચાંદીના ભાવમાં રૂ. 20,400 અથવા લગભગ 7 ટકાનો મોટો ઉછાળો આવ્યો હતો, જેનાથી તે રૂ. 3,23,000 પ્રતિ કિલોગ્રામ(તમામ ટેક્સ સહિત) પર પહોંચી ગઈ હતી. સોમવારે પણ ચાંદીના ભાવમાં રૂ. 10,000નો ઉછાળો આવ્યો હતો અને રાષ્ટ્રીય રાજધાનીમાં તે રૂ. 3 લાખ પ્રતિ કિલોગ્રામના આંકને પાર કરી ગઈ હતી.Forex.com મુજબ, આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પોટ ગોલ્ડ પ્રથમ વખત 4,700 અમેરિકી ડોલર પ્રતિ ઔંસના સ્તરને વટાવી ગયું હતું. સોનું 66.38 ડોલર અથવા 1.42 ટકા વધીને 4,737.40 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચ્યું હતું. વિદેશી વેપારમાં સ્પોટ સિલ્વર પણ 95.88 ડોલર પ્રતિ ઔંસની નવી વિક્રમી સપાટીએ પહોંચી હતી.






# ટ્રમ્પની ફ્રાન્સને ૨૦૦% ટેરિફની ધમકી



**ટ્રમ્પે** મેક્રોનનો ખાનગી મેસેજ લીક કરી વ્યાપાર યુદ્ધ છંછેડ્યું

**જો ફ્રાન્સ** બોર્ડ ઓફ પીસમાં નહીં જોડાય તો તેના વાઇન અને શેમ્પેઇન પર આ જંગી ટેરિફ ઝિંકાશે

**ગ્રીનલેન્ડ** અને ગાઝા શાંતિ યોજના મુદ્દે અમેરિકા-ફ્રાન્સ વચ્ચે ટકરાવ; યુરોપિયન યુનિયન પણ વળતા પ્રહારની તૈયારીમાં

વૉશિંગ્ટન, તા. ૨૦: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે રાત્રે ફ્રાન્સ પર શેમ્પેઈન અને વાઈન પર ૨૦૦ ટકા ટેરિફ લાદવાની ધમકી આપી હતી. આ સાથે જ તેમણે રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનનો એક ટેક્સ્ટ મેસેજ પણ લીક કર્યો હતો, જેમાં લખ્યું હતું કે, 'મને સમજાતું નથી કે તમે ગ્રીનલેન્ડ બાબતે શું કરી રહ્યા છો.'

આ ઘટના મિયામીમાં કોલેજ ફૂટબોલ ચેમ્પિયનશિપ ગેમ બાદ બની હતી, જ્યારે પત્રકારોએ અમેરિકી પ્રમુખને મેક્રોન દ્વારા તેમના 'બોર્ડ ઓફ પીસ'માં જોડાવાના આમંત્રણને નકારવા બાબતે પ્રશ્ન પૂછ્યો હતો. મેક્રોને કહ્યું હતું કે 'આ તબક્કે' તેઓ ટ્રમ્પના આ જૂથમાં જોડાવાની યોજના ધરાવતા નથી. આ જૂથનો હેતુ ગાઝા શાંતિ યોજનાના બીજા તબક્કાને તૈયાર કરવાનો છે. જ્યારે મેક્રોનના આ નકાર વિશે પૂછવામાં આવ્યું ત્યારે ટ્રમ્પે જવાબ આપ્યો, 'સારું, તેમને કોઈ ઈચ્છતું નથી કારણ કે તેઓ ટૂંક સમયમાં પદ પરથી હટી જવાના છે.' ત્યારબાદ ટ્રમ્પે યુરોપ સાથેના વ્યાપાર યુદ્ધની ધમકીને વધુ વેગ આપ્યો હતો. વૉશિંગ્ટન માટે ફ્લાઈટમાં સવાર થતા પહેલા ટ્રમ્પે કહ્યું, 'જો તેઓ પ્રતિકૂળતા દાખવશે, તો હું તેમની વાઈન અને શેમ્પેઈન પર ૨૦૦ ટકા ટેરિફ લગાવીશ અને પછી તેઓ જોડાઈ જશે. પરંતુ તેમને

...અનુસંધાન પાના 11 પર

### એઆઇ જનરેટેડ તસવીરો શેર કરીને યુરોપિયન નેતાઓને ચીડવતા ટ્રમ્પ

## ટ્રમ્પનો 'વિસ્તારવાદી' એજન્ડા: નકશામાં કેનેડા-ગ્રીનલેન્ડને અમેરિકામાં દર્શાવ્યા






**સોશ્યલ** મીડિયા પર મૂકેલી એક તસવીરમાં યુરોપિયન નેતાઓ સાથેની બેઠકમાં ગ્રીનલેન્ડને અમેરિકાનો ભાગ દર્શાવતો નકશો દેખાય છે

**બીજી** તસવીરમાં ટ્રમ્પ ગ્રીનલેન્ડ પર અમેરિકાના ધ્વજનું રોપણ કરતા જણાય છે

**વૉશિંગ્ટન, તા. ૨૦:** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે યુનાઇટેડ સ્ટેટ્સનો એક AI-જનરેટેડ નકશો સોશ્યલ મીડિયા પર મૂક્યો હતો, જેમાં કેનેડા, ગ્રીનલેન્ડ અને વેનેઝુએલાને અમેરિકાના પ્રદેશ તરીકે દર્શાવવામાં આવ્યા હતા. ટ્રમ્પના 'ટ્રુથ સોશિયલ' પ્લેટફોર્મ પર પોસ્ટ કરવામાં આવેલી આ તસવીર એવા સમયે સામે આવી છે જ્યારે રાષ્ટ્રીય સુરક્ષા માટે ગ્રીનલેન્ડને અમેરિકામાં ભેળવી દેવાની વૉશિંગ્ટનની યોજનાને લઈને અમેરિકી પ્રમુખ અને અનેક યુરોપિયન રાષ્ટ્રો વચ્ચે તણાવ વધી રહ્યો છે.

આ તસવીરમાં ટ્રમ્પ ઓવલ ઓફિસમાં અગ્રણી નેતાઓ સાથે બેઠક કરતા જોવા મળે છે, જેમાં બેકગ્રાઉન્ડમાં આ બદલાયેલો નકશો પ્રમુખ સ્થાને દેખાય છે. ફોટામાં ફ્રેન્ચ પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન, ઇટાલિયન વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની, યુકેના વડાપ્રધાન કીર સ્ટારમર, યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન અને નાટોના સેક્રેટરી જનરલ માર્ક રુટ્ટે સહિતના નેતાઓ દૃશ્યમાન છે.

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી ડાયરી

### કોંગ્રેસમાં પ્રિયંકા ગાંધીનો વધતો પ્રભાવ અને ભાજપની વ્યૂહરચના

ભારતીય જનતા પાર્ટી કોંગ્રેસના આંતરિક ઘટનાક્રમ પર ઝીણવટભરી નજર રાખી રહી છે. જ્યાં હાલમાં કોંગ્રેસનો એક વર્ગ એઆઈસીસી જનરલ સેક્રેટરી અને વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા માટે રાષ્ટ્રીય સ્તરે મોટી ભૂમિકાની માંગ કરી રહ્યો છે. સામાન્ય માન્યતાથી વિપરીત, ભાજપ વાડ્રાનું કોંગ્રેસમાં વધતા કદથી ચિંતિત નથી, પરંતુ જો આ માંગ વેગ પકડે તો તે ખુશ થશે. વાસ્તવમાં, ભાજપ ખુદ પ્રિયંકા ગાંધીને પ્રોજેક્ટ કરવામાં મદદ કરી રહ્યું હોય તેવું લાગે છે. કોંગ્રેસની ટીકા કરનારી ચેનલો અત્યારે તેમના વખાણ કરી રહી છે અને લોકસભા સ્પીકરની ચેમ્બરમાં સર્વદળની બેઠકમાં ભાજપના નેતાઓ સાથેની તેમની વાતચીતને ખૂબ પ્રસિદ્ધિ આપવામાં આવી હતી. ભાજપને આશા છે કે કોંગ્રેસમાં 'પ્રિયંકા લાવો'ની માંગ તેમના

...અનુસંધાન પાના 11 પર

# શેરબજારમાં ભૂકંપ: રોકાણકારોના ૯.૮૬ લાખ કરોડ સ્વાહા

**એશિયા** અને યુરોપના અનેક શેરબજારોમાં ઘટાડા

નવી દિલ્હી, ૨૦ જાન્યુઆરી (PTI): વધતા જતા ભૂરાજકીય તણાવ અને વિદેશી ભંડોળના સતત બહાર તરફના પ્રવાહ વચ્ચે મંગળવારે શેરબજારમાં ભારે પછડાટ જોવા મળી હતી, જેના કારણે રોકાણકારોની સંપત્તિમાં એક જ દિવસમાં રૂ. ૯.૮૬ લાખ કરોડનું ધોવાણ થયું હતું. BSE સેન્સેક્સ ૧,૦૬૬ પોઈન્ટ ગગડ્યો હતો અને તેના પર નોંધાયેલ કંપનીઓનું માર્કેટ કેપ મોટા પ્રમાણમાં ઘટી ગયું હતું.

અગાઉના દિવસના ઘટાડાને આગળ ધપાવતા, ૩૦ શેરો ધરાવતો BSE સેન્સેક્સ ૧,૦૬૫.૭૧ પોઈન્ટ અથવા ૧.૨૮ ટકા તૂટીને ૮૨,૧૮૦.૪૭ પર બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન, એક સમયે તે ૧,૨૩૫.૬ પોઈન્ટ અથવા ૧.૪૮ ટકા ઘટીને ૮૨,૦૧૦.૫૮ સુધી પહોંચી ગયો હતો. ઈક્વિટીમાં મંદીના વલણને પ્રતિબિંબિત કરતા, BSE-લિસ્ટેડ કંપનીઓનું બજાર મૂડીકરણ (માર્કેટ કેપિટલાઈઝેશન) રૂ. ૯,૮૬,૦૯૩.૯૬ કરોડ ઘટીને રૂ. ૪,૫૫,૮૨,૬૮૩.૨૯ કરોડ (૫.૦૧ ટ્રિલિયન યુએસ ડોલર) થઈ ગયું હતું. સેન્સેક્સની ૩૦ કંપનીઓ પૈકી Eternal માં સૌથી વધુ ૪.૦૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો, ત્યારબાદ બજાજ ફાઈનાન્સ (૩.૮૮ ટકા), સન ફાર્મા, ઈન્ટરગ્લોબ એવિએશન, ટ્રેન્ટ, એશિયન પેઈન્ટ્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને બજાજ ફિનસર્વના શેરના ભાવ ઘટ્યા હતા.

ગ્રીનલેન્ડ પર ટ્રમ્પ વહીવટીતંત્રની નવી ટેરિફની ધમકીઓથી ઊભા થયેલા તણાવને કારણે યુએસ ફ્યુચર્સમાં મોટો ઘટાડો થયો હતો અને યુરોપિયન બજારોમાં 1% થી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. ફ્રાન્સનો CAC 40 ઈન્ડેક્સ 1.2% ઘટીને 8,014.42 પર, જ્યારે જર્મનીનો DAX 1.5% ઘટીને

...અનુસંધાન પાના 11 પર

# ભાજપ રૂ. ૧૦૦૦૦ કરોડના ઢગલા પર બેઠો છે

**2024-25** દરમિયાન ભાજપને રૂ. 6,125 કરોડનું સ્વૈચ્છિક દાન મળ્યું

**ચૂંટણી** પ્રચારનો ખર્ચ અગાઉના વર્ષના રૂ. 1,754.06 કરોડથી લગભગ બમણો થઈને રૂ. 3,335.36 કરોડ થયો



**નવી દિલ્હી, તા. 20 (PTI):** તાજેતરમાં ચૂંટણી પંચને સુપરત કરવામાં આવેલા પક્ષના વાર્ષિક ઓડિટ રિપોર્ટ અનુસાર, શાસક પક્ષ ભાજપ પાસે આશરે રૂ. 10,000 કરોડની રોકડ અને થાપણો છે.

વર્ષ 2024-25 માં, જ્યારે ભાજપે દિલ્હીમાં AAP પાસેથી અને ઓડિશામાં BJD પાસેથી સત્તા છીનવી લીધી, ત્યારે તેના ચૂંટણી પ્રચારનો ખર્ચ અગાઉના વર્ષના રૂ. 1,754.06 કરોડથી લગભગ બમણો થઈને રૂ. 3,335.36 કરોડ થયો હતો. વર્ષ 2024-25માં ભાજપની રોકડ અને થાપણોમાં રૂ. 2,882.32 કરોડનો ચોખ્ખો વધારો જોવા મળ્યો હતો. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, 31 માર્ચ, 2025ના રોજ પૂરા થયેલા વર્ષ માટે પક્ષના ખાતામાં 'જનરલ ફંડ'નું ક્લોઝિંગ બેલેન્સ રૂ. 12,164 કરોડ દર્શાવવામાં આવ્યું છે, જે અગાઉના વર્ષમાં રૂ. 9,169 કરોડ હતું.

આ જનરલ ફંડમાં રૂ. 9,996 કરોડ રોકડ અને બેંક ડિપોઝિટ તરીકે છે, અને રૂ. 234.11 કરોડ પક્ષ દ્વારા આપવામાં આવેલી લોન અને એડવાન્સ તરીકે છે. આ ભંડોળ હવે નવનિયુક્ત ભાજપ પ્રમુખ નિતિન નબીન હસ્તક આવશે, જેમણે મંગળવારે ચાર્જ સંભાળ્યો છે.

રિપોર્ટ મુજબ, 2024-25 દરમિયાન ભાજપને રૂ. 6,125 કરોડનું સ્વૈચ્છિક દાન મળ્યું હતું, જે અગાઉના વર્ષના રૂ. 3,967 કરોડ કરતા ઘણું વધારે છે. રૂ. 9,390 કરોડની ફિક્સ્ડ ડિપોઝિટ (FD) સાથે, ભાજપને 2024-25 માં તેની થાપણો પર બેંકો પાસેથી વ્યાજ તરીકે કુલ રૂ. 634 કરોડ પણ મળ્યા છે.

ભાજપે 2024-25 માં રૂ. 65.92 કરોડના ઈન્કમ ટેક્સ રિફંડનો દાવો કર્યો હતો અને તેના પર રૂ. 4.40 કરોડની વ્યાજની આવક મેળવી હતી. 2024-25 માં પક્ષના કુલ ખર્ચમાં ચૂંટણી ખર્ચનો હિસ્સો 88.36 ટકા રહ્યો હતો.


આપણા સુરતમાં વર્ષ ૨૦૦૧ થી
ટેબ®
ટ્રીટમેન્ટ કિલીનીક્સ (પૂને)
સાંધાના દર્દ માટે વિશેષ આયુર્વેદિક ઉપચાર
મુલાકાત અને જાણકારી માટે આજે જ સંપર્ક કરો ફોન નં. : (૦૨૬૧) ૨૪૬૩૭૭૦ - ૨૪૭૩૪૪૮
મો. ૯૦૧૬૩૭૪૨૩૨
૧૦૩/૧૦૪, પહેલો માળ, જલનિધિ કોમ્પલેક્ષ, બહુમાળી ની સામે, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧.
દરેક રવિવારે પણ ચાલુ રહેશે.
દરરોજ કામકાજનો સમય સવારે ૧૦ થી સાંજે ૭ કલાકે.
"શિયાળો, ઉનાળો કે ચોમાસું કોઈપણ ઋતુ હોય, ટેબની સારવાર કર્યા પછી હવે ઘુંટણ તથા કમરના મણકાના ઘસારા તેમજ અન્ય સાંધાઓના દુ:ખાવા, સોજા તથા જકડાહટ વગર દરેક ઋતુની મજા માણી શકીએ છીએ. આને જ કહેવાય મૂળગામી સારવાર. આભાર ટેબ કિલનીક્સનો."



આમ કહેવું છે ટેબમાં સંપૂર્ણ સારા થયેલા
શ્રીમતિ પ્રજ્ઞાબેન દેસાઈ
ઉંમર- ૫૯ વર્ષ, વ્યવસાય - ગૃહિણી, સરનામું - એફ-૩૦૭, વનિતાપાર્ક, ભટાર રોડ, સુરત-૩૯૫૦૦૭
"ઘણા વર્ષો પહેલા મને બંને ઘુંટણમાં દુ:ખાવાની શરૂઆત થએલી. ધીરે-ધીરે કમર, બંને ઘુંટી, પગના સ્નાયુઓ, ગરદન, બંને ખભા તથા હાથની આંગળીઓમાં પણ દુ:ખાવો શરૂ થઈ ગયો. આખા શરીરમાં જકડાહટ રહેતી હતી. સવારે ઊઠું ત્યારે તળિયામાં સખત દુ:ખાવાને કારણે જમીન પર પગ મૂકી શકાતો ન હતો. પલાંઠી વાળીને જમીન પર થોડીવાર પણ બેસી શકાતું ન હતું. ગરદન અને ખભાના દુ:ખાવાને લીધે ગરદન ઘુમાવતાં તડ-તડ અવાજ આવતો હતો અને બંને હાથ બિલકુલ ઉંચા કરી શકાતા ન હતા. બંને હાથના આંગળાઓમાં જકડાહટ રહેતી હતી અને સખત ખેંચાતા હતા. આથી લોટ પણ બાંધી શકાતો નહી હતો. એક દિવસ પેપરમાં ટેબની જાહેરાત વાંચી મે ત્યાં બતાવવા માટે એપોઈન્ટમેન્ટ લીધી. ટેબના ડોકટરે કહ્યા પ્રમાણે નિયમિત સારવાર ચાલુ કરી. નિયત સમય પહેલાજ હું સંપૂર્ણ સારી થઈ ગઈ. સારવાર પૂરી થયાના દોઢેક વર્ષ પછી પણ કોઈપણ પ્રકારના દુ:ખાવા વગર સંપૂર્ણ સ્વસ્થ જીવન જીવી રહી છું. ઘરનું બધું જ કામકાજ કરી શકુ છું. સવારે ઉઠું ત્યારે એકદમ ફ્રેશ ફીલ કરૂં છું. રોજ એકાદ કલાક વોક અને ૪૦-૪૫ મિનિટ યોગા કરૂં છું. સારવાર પુરી થયા પછી પ્રયાગરાજ યાત્રા પર ગએલી ત્યારે ૩૦-૩૫ કિ.મી. ચાલવા છતાં મને કોઈપણ જાતની તકલીફ નહીં પડેલી. ટેબની સારવાર પછી મને જીવનની નવી આશા નવી રાહ મળી છે એ બદલ આભાર ટેબ કિલનીકસનો."
દર્દી ની સહી



આમ કહેવું છે ટેબમાં સંપૂર્ણ સારા થયેલા
શ્રીમતિ રેખાબેન રાઠોડ
ઉંમર- ૬૩ વર્ષ, વ્યવસાય - ગૃહિણી, સરનામું - ૩૨૫, માન સરોવર સોસાયટી, તળાવપાસે, ડીંડોલી, સુરત-૩૯૪૨૧૦
"છેલ્લા એક-દોઢ વર્ષથી મારા બંને ઘુંટણમાં ઘસારાને લીધે તીવ્ર દુ:ખાવો, સોજો રહેતો હતો. સવારે ઉઠતી વખતે સખત જકડાહટ રહેતી હતી. ચાલતી વખતે કટ્-કટ્ અવાજ આવતો હતો. ઉપરાંત જાંઘ, પીંડી અને થાપાના સ્નાયુઓમાં ખુબજ ખેંચાણ અને ઝણઝણી દિવસ-રાત રહેતા હતા. દુ:ખાવા અને સોજાને કારણે જમીન પર ઉભડક પગે કે પલાંઠી વાળીને બેસી શકતી ન હતી. એક ડગલું પણ ચાલવાનું મુશ્કેલ હોવાથી રોજીંદુ કામ કરવાનો પણ કંટાળો આવતો હતો. ટેબ વિશે છાપામાં વાંચીને મે ટેબ કલીનકસની મુલાકાત લીધી. સારવાર શરૂ કર્યાના થોડા જ સમયમાં મારી તકલીફ ઓછી થવા લાગી. નિયમિત સારવાર કરીને સંપૂર્ણ સારી થયા પછી આજે પણ હું એકદમ સ્વસ્થ છું. જમીન પર આરામથી બેસી શકાય છે, પલાંઠી વાળી શકાય છે, ઊભડક બેસી શકાય છે, ચાલવામાં તથા ઊભા હરીને કામ કરવામાં કોઈ જ તકલીફ નથી. આજે હું દૈનિક કામકાજ તથા સામાજિક પ્રસંગો સ્વસ્થપણે માણી શકું છું. આભાર ટેબ કિલનીકસનો."
દર્દી ની સહી


### તા. ૨૦-૦૧-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૨૯.૨° સે. | ૧૨.૨° સે. | ૩૫% |